સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિજ્ઞાન પ્રવાહના ધોરણ ૧૨ પાસ થતા વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે ટેબ્લેટ સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- સશપ-૧૦૨૦૧૪/NB-૩૪૭/અ૧
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૧/૧/૨૦૧૬

વંચાણે લીધા-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ઠરાવ ક્રમાંક સશપ-૧૦૨૦૧૩-ન.બા.૩૪૭-અ૧ તા.૦૬/૦૮/૨૦૧૪

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ઠરાવ ક્રમાંક સશપ-૧૦૨૦૧૪-ન.બા.૩૪૭-અ૧ તા.30/03/૨૦૧૫

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ઠરાવ ક્રમાંક સશપ-૧૦૨૦૧૨-ન.બા.૩૪૭-અ૧ તા.૨૩/૦૭/૨૦૧૫

(૪) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ઠરાવ ક્રમાંક ટીબીટી/૧૦/૨૦૧૫/૨૮૧૧૩૧/આઇટી તા.03/૦૯/૨૦૧૫

(૫) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ઠરાવ ક્રમાંક ટીબીટી/૧૦/૨૦૧૫/૨૮૧૧૩૧/આઇટી તા.૧૭/૧૧/૨૦૧૫

પ્રસ્તાવનાઃ-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે વિના મુલ્યે ટેબ્લેટ આપવાની યોજના વંચાણ ક્રમાંક (૧)ના ઠરાવથી અમલમાં છે. આ પછાત વર્ગોમાં શિક્ષણનું પ્રમાણ વધે અને અત્યાધુનિક ટેકનોલોજીના યુગમાં ઇન્ટરનેટ મારફત વિવિધ અભ્યાસક્રમો, વિવિધ ક્ષેત્રની ટેકનોલોજીની જાણકારી મેળવવા માટેના જ્ઞાનની અને આધુનિક ટેકનોલોજીથી સજ્જ સાધન સામગ્રી, જેવા કે લેપટોપ, કોમ્પ્યુટર, આઇપેડ,ટેબ્લેટ અત્યંત આવશ્યક છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી લેપટોપ, કોમ્પ્યુટર, આઇપેડ, ટેબ્લેટ જેવા સાધનો ખરીદી શકતા નથી. તેથી આ વર્ગના વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓની તુલનામાં પાછળ રહી જાય છે

વંચાણ (૧)ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકા કે તેથી વધુ ટકાથી પાસ થનાર વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે વિદ્યાર્થીદીઠ રૂા.૬,000/-ની કિંમતનું ટેબ્લેટ આપવા માટે કુલ રૂા.૧૦૫.00 લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ સરકારશ્રીના અલગ અલગ વિભાગો દ્વારા ટેબ્લેટ સહાય આપવાની યોજનામાં એકસુત્રતા લાવવા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના વંચાણ (૪) અને (૫) પરના ઠરાવોથી ટેબ્લેટની બ્રાન્ડ અને સહાય બાબતે તમામ વિભાગો માટે એક સરખી પ્રક્રિયા સુનિશ્ચિત કરી જેતે વિભાગે અલગથી ઠરાવ બહાર પાડવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ અર્થે ટેબ્લેટ આપવા વિજ્ઞાન અને પ્રોદ્યાગિકી વિભાગ દ્વારા આઇટીના સાધન ટેબ્લેટની ખરીદી અંગેની ઉપર જણાવેલ વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૪) મુજબ પધ્ધતિ સુનિશ્ચિત કરવાની થાય છે. જેથી કાળજી પૂર્વકની વિચારણાને અંતે સામાજિક અને

શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિજ્ઞાન પ્રવાહના ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ અર્થે ટેબ્લેટ સહાય આપવા નીચે મુજબનો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

## ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકા કે તેથી વધુ ટકાથી પાસ થનાર વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ માટે ટેબ્લેટ ખરીદીને આપવાની જગ્યાએ ટેબ્લેટ માટે મર્યાદીત બ્રાન્ડની પ્રોડકટ અને તેના માટેની કિંમતની રેન્જ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના વંચાણે લીધેલ (૫) ના તા.૧૭/૧૧/૨૦૧૫ના ઠરાવ મુજબ લાભાર્થી વિદ્યાર્થીઓને ટેબ્લેટ સહાય ચૂકવી આપવાનું નીચેની પાત્રતા અને શરતોએ નક્કી કરવામાં આવે છે.

તા.૧૭/૧૧/૨૦૧૫ના વંચાણે લીધેલા ક્રમાંક (૫) ના ઠરાવના અનુસંધાને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા સમિતિએ નક્કી કરેલ ટેબ્લેટ માટે મર્યાદિત બ્રાન્ડની પ્રોડક્ટસ, તેની કિંમતની રેન્જ તેમજ લાભાર્થીને ચૂકવવાની થતી એક સમાન સહાયની રકમ, લાભાર્થીઓને ટેબ્લેટ સહાય આપવા માંગતા હોય તે તમામ વિભાગો માટે નક્કી કરવામાં આવેલ છે.

<u>પાત્રતાના ધોરણો અને શરતોઃ-</u>

(૧) સમિતિની ભલામણ અન્વયે ટેબ્લેટ અને પ્રાઇસ બેન્ડ નક્કી કરવામાં આવેલ છે. જે **Annexure-A** તરીકે આ સાથે સામેલ છે. લાભાર્થી વિદ્યાર્થીએ પોતાની પસંદગીનું ટેબ્લેટ **Annexure-A માંથી** પસંદ કરીને ખરીદવાનું રહેશે.

(૨) નક્કી કરેલ ટેબ્લેટની બ્રાન્ડસ અને પ્રાઇસ બેન્ડ ૩૧ માર્ચ, ૨૦૧૬ સુધી અમલમાં રહેશે, ત્યાર બાદ ટેબ્લેટની બ્રાન્ડસ અને કિંમત નક્કી કરવાની પ્રક્રિયા ફરી હાથ ધરવાની રહેશે.

(૩) ટેબ્લેટની યોજના માટે એક સમાનતાના ધોરણે ટેબ્લેટની સહાયની રકમ વધુમાં વધુ રૂા. ૯,૦૦૦/- અથવા ટેબ્લેટની કિંમત બે પૈકી ઓછી રકમ લાભાર્થીને ચૂકવવાની રહે છે.

(૪) ટેબ્લેટ માટે દર્શાવેલ પ્રાઇસ બેન્ડ ઇન્ડીકેટીવ (**Indicative**) હોઇ, તે બેન્ડમાં કોઇ પણ કિંમતે, ઓછી અથવા વધારે કિંમતે લાભાર્થી ટેબ્લેટ ખરીદી શકશે. જો બેન્ડથી વધારે કિંમતે ખરીદશે તો પણ લાભાર્થીને ઉપર વંચાણે લીધેલા ઠરાવ ક્રમ (૩) મુજબ જ મળવાપાત્ર વધુમાં વધુ રૂ. ૯,૦૦૦/- ની સહાય આપવાની રહેશે.

(૫) લાભાર્થીઓએ ટેબ્લેટની ખરીદી કરીને જે તે યોજના અંતર્ગત પૂરી પાડવાની માહિતી જયાં સુધી ઓનલાઇન વેબપોર્ટલની વ્યવસ્થા ના થાય ત્યાં સુધી નિયત નમૂનામાં ટેબ્લેટ સહાયની અરજી તથા સામેલ **Annexure-B** અંતર્ગત નક્કી થયેલ કોમ્પીટન્ટ ઓથોરીટી તરીકે સબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા)ને મોકલવાની રહેશે.

(૬) લાભાર્થી, વિજ્ઞાન અને પ્રૌદ્યાગિકી વિભાગના તા. ૧૭/૧૧/૨૦૧૫ના આ ઠરાવમાં ઉલ્લેખિત નક્કી કરેલ બ્રાન્ડ પૈકીના કોઇ પણ ટેબ્લેટ લઇ શકશે.ટેબ્લેટની ખરીદ કિંમત અથવા નક્કી કરેલ સહાયની રકમ, બેમાંથી જે

ઓછી હોય, તે સહાય સ્વરૂપે લાભાર્થીને, લાભાર્થીના બેંક ખાતામાં જમા થાય તે રીતે DBT (ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર) પધ્ધતિથી સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)એ ચુકવવાની રહેશે.

(૭) યોજનાના અમલમાં કોઇ મુશ્કેલી ઉભી થશેતો તેના નિરાકરણ માટે વંચાણે લીધેલા ઠરાવો અને આ ઠરાવની નીતિની મર્યાદામાં નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ પરિપત્ર/પત્રોથી માર્ગદર્શન આપી નિરાકરણ કરી શકશે.

આ ઠરાવ વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના ઉપર વંચાણે લીધેલા ઠરાવ ક્રમાંક (૫) પર નાણા વિભાગની તા. ૫/૧૧/૨૦૧૫ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.વી.દેસાઇ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

બિડાણઃ- એનેક્ષર-એ અને એનેક્ષર-બી

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
તમામ માન.રાજયકક્ષા મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમિશ્નરશ્રી, માધ્યમિક શાળાઓ, સચિવાલય, ગાંધીનગર
મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીકસ લી., ગાંધીનગર
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (જીલ્લા પંચાયત) (નિયામકશ્રી(વિજાક) મારફત)
સર્વે નાયબ નિયામકશ્રી / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) (નિયામકશ્રી (વિ.જા.ક.) મારફત)
સર્વે જિલ્લા તકેદારી અધિકારીશ્રીઓ (વિ.જા.ક મારફત)
પસંદગી ફાઇલ.
સેકશન અધિકારીશ્રી, (કો. સેલ), સચિવાલય,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
...... આ ઠરાવ વિભાગની વેબ-સાઈટ પર મુકવાની વિનંતી સહ.

| ANNEXURE-A | | |
|---|---|---|
| **Sr. No.** | **Brand of Tablet** | **Price Band ( in Rupees)** |
| (1) | (2) | (3) |
| 1. | Lenovo A 7 - 30 | 7,500 – 9,000 |
| 2. | HP 7 Voice Tab | 8,500 – 10,000 |
| 3. | Samsung T 116 | 9,000 – 10,500 |
| 4. | Lenovo Tabs A 7 - 30 | 9,000 – 10,500 |
| 5. | Samsung Galaxy Tab 3 Neo | 9,500 – 11,000 |
| 6.. | Lenovo A T - 50 | 9,500 – 11,500 |
| 7. | Dell Streak 7 | 10,000 – 11,500 |
| 8.. | Dell Venue 7- 3740 | 10,600 – 11,600 |
| 9. | Samsung Galaxy Tab 4 T 231 | 12,900 – 14,400 |
| 10. | Lenovo Tabs A8 - 50 | 13,500 – 15,500 |
| 11. | Dell Venue 8 | 15,000 – 17,000 |
| 12. | HP Stream 8 | 16,500 – 18,500 |
| 13. | Samsung Galaxy Tab E | 17,000 – 19,000 |
| 14. | Lenovo Tab A 10 - 70 | 17,000 – 19,000 |
| 15. | Lenovo Yoga – 2, 8 inch | 17,500 – 19,500 |
| 16. | Apple Ipad Mini | 18,000 – 20,000 |
| 17. | Dell Venue 8 Pro | 19,500 – 21,000 |
| 18. | Samsung Galaxy A T 355 | 20,000– 22,000 |
| 19. | HP Omni 10 | 24,000 – 26,000 |
| 20. | HP Stream 10 | 24,000 – 26,000 |
| 21. | Samsung Galaxy Tab 4 | 24,500 – 26,500 |

Shalgaonkar

Desai

ઉપસચિવ
સામાજીક ન્યાય અને
અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર

Annexure-B

# નિયત નમૂનો

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧. | અરજદારનું નામ | |
| ૨. | અટક | |
| ૩. | વિભાગનું નામ | |
| | લીધેલ ટેબ્લેટની વિગત | |
| ૧. | કંપનીનું નામ | |
| ૨. | મોડલ નંબર | |
| ૩. | IMEI નંબર | |
| ૪. | ટેબ્લેટનું પિકચર (ફોટો) | |
| ૫. | ખરીદ કિંમત | |
| ૬. | લીધેલ સંસ્થાનું નામ | |
| ૭. | સંસ્થા / દુકાનનું સરનામું | |
| ૮. | સ્વપ્રમાણિકરણ | |

નાયબ સચિવ
સામાજીક ન્યાય અને
અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર